# છત્રાલ હાઈવે પરથી દારૂ ભરેલી ટ્રક પકડાઈ

## કલોલ તાલુકા પોલીસે ટ્રકનો પીછો કરી શીલ્પા ચોકડીથી ટ્રકને આંતરી : ૪૪.૪૬ લાખનો મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવરની ધરપકડ



ગાંધીનગર, તા. ૧૫ મહેસાણા હાઈવે પરથી પસાર થતી રાજસ્થાન પાસીંગની એક ટ્રકમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે અને છત્રાલ હાઈવે થઈને ટ્રક પસાર થનાર છે તેવી બાતમી આધારે કલોલ તાલુકા પોલીસે વોચ ગોઠવી ટ્રકને આંતરી મસમોટો દારૂનો જથ્થો ગઈ રાત્રે પકડી પાડ્યો હતો. ખીચોખીચ દારૂનો જથ્થો ભરેલી આ ટ્રકનો પીછો કરીને પોલીસે શીલ્પા ચોકડીથી પકડી પાડ્યો હતો. ટ્રક સહિત વિદેશી દારૂની પેટીઓ મળી રૂા. ૪૪.૪૬ લાખનો મુદ્દામાલ કલોલ તાલુકા પોલીસે જપ્ત કરી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. માલ કયાંખી લાવ્યો હતો અને કયાં લઈ જવાનો હતો. તે સહિતની ઝીણવટભરી પૂછપરછ શરુ કરી દેવામાં આવી છે.

કલોલ તાલુકા પી.આઈ. નિરજ પટેલની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમ દારૂ - જુગારની પ્રવૃત્તિઓ ડામવા સક્રિય થઈ છે ત્યારે ગઈ રાત્રે કોન્સ્ટેબલ બાબરભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે મહેસાણા હાઈવે તરફથી આરજે-૦૭-૧જી-૨૧૭૭ નંબરની રાજસ્થાન પાસીંગ ટ્રકમાં વિદેશી દારૂ ભરીને છત્રાલની કડી તરફ જનાર છે જે આધારે આ ટ્રકની વોચમાં ટીમ રાત્રે ગોઠવાઈ ગઈ હતી. ટ્રક આવતા તેને રોકવાનો પોલીસે ઈશારો કર્યો હતો. પણ ડ્રાઈવરે ટ્રક ઊભી રાખવાને બદલે ડબલ સ્પીડ કરીને ટ્રક ભગાડી હતી. પોલીસે શીલ્પા ચોકડી સુધી ટ્રકનો પીછો કરીને ત્યાં ટ્રક રોકી તપાસ શરુ કરી હતી. ટ્રકમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૭૯૫ પેટીઓ મળી આવી હતી. ટ્રકમાંથી નાની મોટી ૧૪૭૬૦ નંગ વિદેશી દારૂની બોટલો (કિ. રૂા. ૩૮,૪૨, ૪૦૦) સાથે ડ્રાઈવર મદનરામ દયારામ જાટ (રહે, ચોહરન, રાજસ્થાનને દબોચી લીધો હતો. દારૂ, ટ્રક તથા ડ્રાઈવરના બે મોબાઈલ સહીત કુલ રૂા. ૪૪,૪૬,૪૦૦નો મુદ્દામાલ કલોલ તાલુકા પોલીસે જપ્ત કરીને ટ્રક ડ્રાઈવરની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.




### નંબર પ્લેટ વગરની રીક્ષામાંથી જીનનો જથ્થો પકડાયો

#### અડાલજ પોલીસે ૬૦ લીટર જીન સહિત ૧.૭૪ લાખનો મુદ્દામાલ સાથે બે શખ્સોને તારાપુર રોડ પરથી પકડી પાડ્યા : એક ફરાર

ઉનાળો શરૂ થતા દારૂનાં રસીયાઓ જીનના રવાડે ચઢ્યા છે. જીન ડીમાન્ટમાં આવતા જીનની હેરાફેરી જિલ્લામાં વધી ગઈ છે. ત્યારે અડાલજ પોલીસને બાતમી મળી હતી કે દારૂ ભરેલી નંબર પ્લેટ વગરની રીક્ષા ઉવારસદ ચોકડીથી તારાપુર રોડ તરફ પસાર થઈ રહી છે. આ બાતમીના આધારે નંબર પ્લેટ વગરની રીક્ષા અડાલજ પોલીસે પકડી અંદર તપાસ કરતાં ૬૦ નંગ રોયલ સ્ટ્રાઈલ જીન મળી આવી હતી. રૂા. ૧૮ હજારનો દારૂ, રીક્ષા, ચાર મોબાઈલ સહિત રૂા. ૧,૭૪, ૫૦૦ ના મુદ્દામાલ સાથે પોલીસે ચાંદખેડાના વિવેક જગદીશચંદ્ર ગુપ્તા અને રમાકાન્ત રામસધારસિંહ રાજપુતની ધરપકડ કરી લીધી, જયારે કડીનો શાહનવાઝ ઉર્ફે ગાભુ સૈયદ ફરાર ચે તેને પકડવા તજવીજ શરૂ કરી છે.

## જસ્ટીસ ફોર આસિફા : સોશિયલ મીડિયા પર મળતું ભારે સમર્થન

ગાંધીનગર, તા.૧૫ જમ્મુ કાશ્મીરના કઠુઆની આઠ વર્ષની બાળકીના સામુહિક બળાત્કાર અને હત્યા તેમજ ઉત્તરપ્રદેશના ઉન્નાવ ખાતે સગીરા પર થયેલા સામુહિક બળાત્કારની માનવતાને શર્મસાર કરતી બે ઘટનાએ હાલ આખા દેશને હચમચાવી મૂકયો છે. જસ્ટિસ ફોર આસિફાને લઈ પ્રિન્ટ મિડીયા, ઈલેકટ્રોનિકસ મિડીયા પર ભારે સનસની મચી જવા પામી છે ત્યારે સ્વૈચ્છાએ દેશના નાગરિકો પણ સોશ્યલ મિડીયા પર એકટીવ થયા છે અને માસુમના સમર્થનમાં વિવિધ પોસ્ટર, ફોટો, વિડીયો અને ટેક મેસેજ કરી ન્યાયની માંગ કરી રહ્યા છે.




જમ્મુ કાશ્મીરના કઠુઆની આઠ વર્ષની બાળકીના સામુહિક બળાત્કારની ઘટના તેમજ ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં સગીરા પર થયેલા સામુહિક બળાત્કારની ઘટના હાલ દેશમાં ભારે ચર્ચાનો મુદ્દો બન્યા છે. આ બંને ઘટના હાલ મિડીયા ઉપરાંત સોશયલ મિડીયા માં વધુને વધુ શેર થઈ રહી છે. આ શર્મશાર ઘટનાને લઈ નેટીઝન્સ દરરોજ વિવિધ પોસ્ટરોની પોસ્ટ, વિવિધ વિડીયો નાટકોના વિડીયો, જસ્ટિસ ફોર આસિફા તો કેટલાક લોકો કેન્ડલ માર્ચ કાઢી ફોટો સોશ્યલ મિડીયામાં અપલોડ કરી રહ્યા છે. જયારે કેટલાક નેટીઝન્સે તો એક દિવસ માટે વોટસએપ ડીપી બ્લેન્ક રાખ્યુ હતું. જયારે કટલાકે પોતાના ડીપી પર આસિફાનો ફોટો રાખી ન્યાય માટે તેના સમર્થનમાં અપીલ કરી હતી.

બંને સામુહિક બળાત્કારની ઘટનાને લઈ ફેસબુક સહિતની અનેક સોશ્યલ મિડીયા સાઈટ પર લોકો પોતપોતાના વિચારો પણ રજુ કરી રહ્યા છે જયારે કેટલાક તેનો વિરોધ કરતા પણ જોવા મળ્યા છે.

### ગાંધીનગરમાં કેન્ડલ માર્ચ

જમ્મુ-કાશ્મીરના કઠુઆની જધન્ય ઘટનાને લઈ આરોપીઓના વિરૂધ્ધમાં દેશભરમાં ભારે ફિટકારની લાગણી લોકો વ્યકત કરી રહ્યા છે અને માસુમના ન્યાય માટે માંગ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના કેટલાક સંગઠનોએ ગાંધીનગર શહેરના ઘ-૪ સર્કલ પાસે બેનર, પોસ્ટરો સાથે કેન્ડલ માર્ચ કાઢી માસૂમ બાળકીના સમર્થનમાં ન્યાયની માંગ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, બાળકો પણ જોડાયા હતા.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકોનું સર્વર ડાઉન થતું ન હોત તો કેટલી આવક થાત...!!

## પોર નજીક ખુલ્લા ખેતરમાં બાજી માંડીને બેઠેલા છ ઝડપાયા

#### ૭૫૩૦ના રોકડ મુદ્દામાલ સાથે છ શકુનીઓને અડાલજ પોલીસે પકડી પાડયા

ગાંધીનગર, તા.૧૫ ગાંધીનગર નજીક પોર-કુડાસણ વચ્ચે પુંજાની ઠાકોરની જમીનમાં કેટલાક શખ્સો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે અડાલજ પોલિસે આજે બપોરે દરોડો પાડી છ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. રૂ. ૭૫૩૦ રોકડ મુદ્દામાલ સાથે છ આરોપીઓની ધરપકડ કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમે બાતમીને આધારે પોર-કુડાસણ રસ્તા પર પોર ગામની સીમમાં પુંજા માતુજી ઠાકોરના ખેતરમાં દરોડો પાડયો હતો. આજે બપોરે દરોડો પાડીને અડાલજ પોલીસે પોર ગામના પોપટ ગોકળદાસ પટેલ, નાથુ રમણજી ઠાકોર, પુંજા માતુજી ઠાકોર, કુડાસણ ગામના બાબુ પીતાંબરદાસ પરમાર, જવાન હીરાજી ઠાકોર અને શાંતિ ગોબરજી રાવળ મળી છ શખ્સોને કોર્ડન કરીને પકડી પાડયા હતા. શકુનીઓ પાસેથી રૂ. ૭૫૩૦ રોકડ મુદ્દામાલ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે રોકડ મુદ્દામાલ જપ્ત કરીને છ શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સોજા ગામમાં કલોલ તાલુકા પોલીસે દરોડો પાડી બે શકુની પકડયા

કલોલ તાલુકા પી.આઈ. નિરજ પટેલની ટીમે ચોકકસ બાતમીને



આધારે સોજા ગામે ટાવર ચોક પાસે દરોડો પાડી જુગાર રમી રહેલા બે શખ્સોને પકડી પાડયા હતા જયારે બે શખ્સો નાસી છુટવામાં સફળ રહ્યા હતા. રૂ. ૨૨,૨૩૦ રોકડ મુદ્દામાલ સાથે સોજા ગામના હસમુખ બળદેવ પટેલ અને રવિન્દ્ર અજયસિંહ પરમારની ધરપકડ કરી લઈ કડક કાર્યવાહી કરવામાં આવી છે. જયારે ફરાર થઈ ગયેલા અન્ય બે જુગારીઓને શોધી કાઢવા તજવીજ શરુ કરવામાં આવી છે.

## અડાલજ ગામમાંથી પાંચ શકુનીઓ પકડાયા

અડાલજ પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોર્ડે બાતમીને આધારે ગઈ બપોરે અડાલજ ગામની સીમમાં દરોડો પાડી પાંચ શકુનીઓને દબોચી લીધા હતા. અડાલજ ગામના રાજુ દિલીપ ઠાકોર, વિક્રમ મુકેશ ઠાકોર, રાકેશ અમરા ઠાકોર, રણજીત ખોડીદાસ પરમાર અને અમરત બળદેવ ઠાકોર મળીને પાંચ શકુનીઓને જુગાર રમતા અડાલજ પોલીસે રંગે હાથ પકડી પાડીને તેમની પાસેથી રોકડ રૂ. ૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ટીંટોડા રોડ પર આઈશરની અડફેટે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

કલોલના બોરીસણા ગામમાં વ્હાઈટ હાઉસ ખાતે રહેતા હીતેશભાઈ છબીલદાસ પંડયાનો ૨૫ વર્ષીય દિકરો દર્શન તેની પત્નિ વર્ષાને લઈને આજે બાઈક પર ટીંટોડા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે સામેથી ધસમસતી આવતી આઈશર નં. જીજે ૧૮ એ.ટી. ૮૬૪૯ એ બાઈકને જબરજસ્ત ટકકર મારતા પતિ-પત્નિ ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માતમાં બાઈકચાલક યુવાન દર્શનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે તેની પત્નિને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે. મૃતક દર્શનના પિતા હીતેશભાઈની ફરિયાદ આધારે પેથાપુર પોલીસે આઈશર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# શહેરમાં સંત સરોવર નવું પીકનીક સ્પોટ બન્યું

ગાંધીનગર, તા.૧૫ ગાંધીનગર શહેરને સીમાડેથી પસાર થતી સાબરમતિ નદીના કિનારે તંત્ર દ્વારા કૃત્રિમ સંત સરોવર બનાવ્યું છે. આ સરોવરના નિર્માણ પછી આસપાસના ગામની જમીનોમાં પાણીના સ્તરમાં પણ સુધારો જોવા મળ્યો છે. સાબરમતિ નદી પર ઈન્દ્રોડા ગામ પાસે આડશ ઉભી કરીને પાણીનો સંગ્રહ બારેમાસ રહે તે માટે સંત સરોવર તૈયાર કરાયું છે. પરંતુ આ સંત સરોવરમાં રજાના દિવસોમાં મેળા જેવો માહાલ જોવા મળે છે. સંત સરોવરમાં સ્નાન કરવા માટે ગાંધીનગર-અમદાવાદથી નાગરીકો આવે છે. ત્યારે રજાના સમયે સવાર થી સાંજ સુધી



હજ્જારો નાગરીકો પાણીમાં ધુબાકીયા મારતા નજરે પડે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં આવતા સહેલાણીઓના ધસારાને જોઈ કહી શકાય કે શહેરને એક નવું પીકનીક સ્પોટ મળ્યું છે. ગાંધીનગર શહેરની એક આગવી ઓળખ તો છે જ.. શહેરમાં ફરવા અને માણવા લાયક સ્થળ પર ઘણા જ છે. શહેરના જોવા લાયક સ્થળની રોજ લાખો પ્રજાજનો મુલાકાત લેતા હોય છે. જેમાં અક્ષરધામ મંદિર, સે-૨૮ ગાર્ડન, વિધાનસભા, સરિતા ઉદ્યાન, ઈન્દ્રોડા પાર્ક, સ્વર્ણિક પાર્ક, મહાત્મા મંદિર, દાંડી કુટીર સહિતનો સમાવેશ થાય છે. ત્યારે શહેરને વધુ એક નવુ પીકનીક સ્પોટ મળ્યું છે. જેમાં રજાના દિવસોમાં હજ્જારો સહેલાણીઓ આવે છે. સહેલાણીઓ આવતા ગ્રામજનોના વેપાર ધંધામાં તેજી આવી છે. શહેર તેમજ અમદાવાદથી નાના બાળકથી લઈને મોટી ઉંમરના હજ્જારો નાગરીકો આવે છે. જે સવારથી સાંજ સુધી પાણીમાં ધુબાકા મારતા નજરે પડે છે. સંત સરોવર પીકનીક પોઈન્ટ તરીકે ઉભરી આવતા હજ્જારો સહેલાણીઓ આવતા હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે નાગરીકોની સલામતી અને સુરક્ષાની જવાબદારી અંગે પણ તંત્રએ વિચારવું રહ્યું. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી અને વેકેશનના માહોલમાં ઈન્દ્રોડા ગામ ખાતે કુદરતી વાતાવરણમાં આવેલ સંત સરોવર આગવી ઓળખ બનાવી રહ્યું છે.

# વિશ્વ હિન્દુ પરિષદના ૬૦૦૦થી પણ વધુ હોદ્દેદારોના રાજીનામા

અમદાવાદ,તા.૧૫ વિશ્વ હિન્દુ પરિષદમાંથી ડો.પ્રવીણ તોગડિયાની હકાલપટ્ટી બાદ વિહિપના દેશભરના કાર્યકરો, હોદ્દેદારો અને આગેવાનોમાં ઉગ્ર રોષ અને આક્રોશની લાગણી ફેલાઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી ડો.તોગડિયાના સમર્થનમાં વિશ્વિ હિન્દુ પરિષદના હજારો કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને અગ્રણીઓએ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી સામૂહિક રાજીનામા ધરી દેવાનું ચાલું કર્યું છે. જેને લઈ રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. દેશભરમાંથી વિશ્વ હિન્દુ પરિષદના છ હજારથી વધુ કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને અગ્રણીઓએ ડો.તોગડિયાના સમર્થનમાં પોતાના રાજીનામા ધરી દીધા છે.

બીજીબાજુ, વિશ્વ હિન્દુ પરિષદને છોડવા મજબૂર કરાયેલા ડો.પ્રવીણ તોગડિયા તા.૧૭મી એપ્રિલે મંગળવારથી અમદાવાદમાં અચોક્કસ મુદતના અમરણાંત ઉપવાસ પર ઉતરવાના છે ત્યારે દેશભરમાંથી વિશ્વ હિન્દુ પરિષદના હજારો કાર્યકર્તાઓ અને હોદ્દેદારો અમદાવાદ આવવા રવાના થઈ ગયા છે. તો, આજે હજારો કાર્યકરોએ વિહિપના પાલડી ખાતેના વણીકર ભવન ખાતેના કાર્યાલય ખાતે ઉમટી ડો.તોગડિયા સાથે મુલાકાત કરી હતી અને તેમની સમક્ષ સરકારના વલણ સામે વિરોધ વ્યકત કરી પોતાની હૈયાવરાળ ઠાલવી હતી. રોષે ભરાયેલા હજારો કાર્યકરોએ ડો.તોગડિયાને નવા સંગઠન અથવા તો પક્ષની રચના કરવા પોતાની લાગણી અને ઉગ્ર માંગણી રજૂ કરી હતી.

જો કે, ડો.તોગડિયાએ હાલના તબક્કે તેમ કરવાનો ઈનકાર કર્યો હતો. વિહિપના હજારો કાર્યકર્તાઓ સહિત દેશભરમાંથી કરોડો હિન્દુઓ તરફથી ડો.તોગડિયાને મોદી સરકાર સામેની રામમંદિર, ગૌ હત્યા પર પ્રતિબંધ અને કોમન સિવિલ કોડ મામલે શરૂ કરેલી નવી લડતમાં પોતાનું જોરદાર અને પ્રચંડ સમર્થન જારી કર્યુ છે. ડો.તોગડિયાના મંગળવારથી અમરણાંત ઉપવાસને લઈ શહેર પોલીસ તંત્રથી લઈ વહીવટી તંત્રના અધિકારીઓ પણ સલામતી અને સુરક્ષા સહિતના અગમચેતીના પગલા લેવામાં જોતરાયા છે. દરમ્યાન ડો.તોગડિયાને વિહિપમાંથી કાઢી મૂકાતાં તેમના સમર્થનમાં દેશભરમાંથી રાજીનામાં પડી રહ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદના દેશના ૫૫ જિલ્લાઓ અને મહાનગરો, પ્રખંડોના કાર્યકરો, હોદ્દેદારો અને આગેવાનો મળી કુલ છ હજારથી વધુ પદાધિકારીઓએ પોતાના રાજીનામા ધરી દીધા છે. આ તમામ રાજીનામા ત્રણ પ્રાંતના અધ્યક્ષને અને સાથે સાથે તેની એક નકલ આરએસએસ કાર્યાલય ખાતે પણ મોકલાશે.

## ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડો.બાબા સાહેબની જન્મજયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫ ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ પ્રસંગે ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા સવારે ૯ કલાકે ઘ-૪ સર્કલથી જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાના અધ્યક્ષ સ્થાને ભવ્ય શોભાયાત્રા ઢોલ,નગારા,અને ડી.જે.ના તાલે નીકળી હતી અને ડો બાબા સાહેબની પ્રતિમા પાસે પહોંચી હતી અને ડો બાબા સાહેબને ફુલહાર અર્પણ કરીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે દિનકરભાઈ પરમાર, ગુલાબચંદ પટેલ, દાનાભાઈ મિસ્ત્રી, બાબુભાઈ મેસરવાલા, પુષ્પાબેન ડોડીયા, ચંચળબેન મેસરવાલા, મોહનભાઈ બાલુવાકર, પી.એમ.પરમાર, હસમુખભાઈ, વસંતભાઈ, હિતેશ ડોડીયા સહિત હોદ્દેદારો, સભ્યો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

જયારે નાગરીકોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુંથી અંધશ્રધ્ધાને લગતો કાર્યક્રમ ચમત્કારોથી ચેતોનું આયોજન ગોતા વિકાસ નગર ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં જાણીતા જાદુગર ચતુર ચૌહાણ દ્વારા વિવિધ પ્રયોગોનું નિદર્શન કરાવ્યું હતું. આ પ્રસંગે ડો. બાબા સાહેબના જીવન ચરિત્ર વિશે બાબુભાઈ મેસરવાલાએ બાળકોને પ્રેરણાદાયી પ્રવચન પણ પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં આસપાસના વિસ્તારના નાગરીકો તેમજ સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧